**મે.વડોદરાના ૯માંજ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.**

**GJVD020547092025**

**ગુ.મુ.નં.૪૯૫૯૮/૨૦૨૫**
**આંક–**

**ફરિયાદી – શ્રી સરકાર**

**વિરૂઘ્ઘ**

**આરોપી – ભાવનાબેન અમિતભાઈ માળી**

**ગુન્હો :– પ્રોહિ કલમ ૬૫ (એ)(એ) મુજબ....**

**ચુકાદો**

# આંક–૧ લગત હુકમ

(૧) ફરિયાદપક્ષનો કેસ એવો છે કે, આરોપીએ ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ હોય તે અંગેની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થઈ તેઓની સામેનો ગુનો કબૂલ કરવા માંગતા હોય તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરશીશથી રજુ કરેલ છે. જેથી આરોપી ઉપર બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૩ હેઠળ તહોમતનામું ફરમાવી આરોપીની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ સ્વૈચ્છીક

રીતે અને રાજીખુશીથી કોઈ પણ દાબ–દબાણ વગર ગુનાની કબૂલાત કરેલ છે. તેમજ રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે. તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી રહેલ છે જેથી જો તેમને કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરવામાં આવે તો તેનાથી તેમના પરિવારની જવાબદારી રહેલ છે. જેથી જો તેમને કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરવામાં આવે તો તેનાથી તેમના પરિવારને અસર થાય એમ છે.આ તેઓની પ્રથમ ભૂલ છે. હવે પછી આવી ભૂલ નહિ કરવાની ખાતરી આપે છે અને ઓછા માં ઓછી સજા કરવા રજૂઆત કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ અદાલત દ્વારા જણાવવા છતાં અને સમજાવવા છતા આરોપી ગુનો કબૂલ કરવા સંમતિ દર્શાવે છે જેથી આરોપીની પુરસીસ રેકર્ડ ઉપર લેવામા આવે છે.

(૩) આરોપી વિરુદ્ધ ધી ગુજરાત પ્રોહિબીશન એક્ટ ની કલમ –૬૫(એ)(એ) ના ગુનાનો તહોમત મૂકવામાં આવેલ છે. સદર ગુનાની સજાની જોગવાઈ જોતા સદર ગુના માં ઓછા માં ઓછી સજા કરવાની જોગવાઈ કરવામાં આવેલ નથી તે હકીકત ધ્યાને લેતા તેમજ આરોપીની કબૂલાત વંચાણે લેતા તેમાં જણાવેલ કારણો તેમ તેમની રજૂઆતો ધ્યાને લેતા આરોપી ગરીબ અને મધ્યમ વર્ગ ના માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. તેમના ઉપર પરિવારની જવાબદારી છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા અસમર્થ જણાતા હોય તેમજ તેઓનો આ પ્રથમ ગુન્હો હોવાનુ જણાઈ છે. જેથી આ આરોપીની કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેના પરિવાર ઉપર અસર થાય તેમ છે, તે સંજોગોમાં તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવાના બદલે નીચે મુજબ સજા કરવાનુ ન્યાયી અને ઉચિત માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબનો

**<u>મે.વડોદરાના ૯માંજ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.</u>**

આખરી હુકમ ફરમાવું છું.

**<u>હુકમ</u>**

(૧) આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા–૨૦૨૩ ની કલમ–૨૬૪** અન્વયે તેની સામેના **ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(એ)** મુજબના ગુન્હા માં તકસીરવાન ઠરાવી **રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પૂરા )** દંડ અને દંડ ની રકમ ના ભરે તો **દિન–૦૧ (એક)** ની સાદી કેસ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વીત્યે થી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાય આ કામે જો વાહન/મોબાઇલ મુદ્દામાલ તરીકે કબ્જે કરેલ હોય અને જો તે અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવે તો તે યથાવત રાખવામાં આવે છે. અન્યથા જવાબદાર પોલીસ અધિકારીએ મુદ્દામાલ અંગે ઇન્કવાયરી કરીને માલિકી ના ઓળખના આધાર પુરાવા લઇ તેના મૂળ માલિક ને પરત કરવુ.

હુકમ આજરોજ તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૨/૦૭/૨૦૨૫
વડોદરા

**(એસ.આર.આહુજા)**
૯ માં જ્યુડી.મેજી.ફ.ક.
વડોદરા. કોડ નં. જીજે–૦૧૭૪૨